**બિડાણ :** સેકશન અધિકારીશ્રી,કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૫/૦૨/૨૦૨૨ ના પત્ર ક્રમાંક : પરચ/૧૨૨૦૨૨/૨૨૩/મ-૩ અને સેકશન અધિકારીશ્રી, રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,ગાંધીનગરના તા.૧૮/૦૨/૨૦૨૨ પત્ર ક્રમાંક: ભનક/૧૦૨૦૨૧/મુમક-૦૧/ફ

**વિષય : રાજયમાં રાજભાષા ગુજરાતીનો બહોળો ઉપયોગ કરવા બાબત.**

---

જા.નં.નકૃયુ/રજી./પીએસઆર/૨૦૨૫-૬૪/૨૦૨૨ તા.૦૭/૦૩/૨૦૨૨ ૦૮

સામેલ : ઉપર મુજબ

કુલસચિવ
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના :**
**અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટના અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.**

૨/- આ સાથે સામેલ સેકશન અધિકારીશ્રી,રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૮/૦૨/૨૦૨૨ ના પત્રમાં જણાવેલ રાજયમાં રાજભાષા ગુજરાતીનો બહોળો ઉપયોગ કરવા માટે પત્રમાં જણાવ્યા મુજબ અમલ થવા સારૂં.

ક્રમાંક: પરચ/૧૨૨૦૨૨/૨૨૩/મ-૩
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૫૦૮૪૯
Email : so-m3-agri@gujarat.gov.in
તારીખ :૨૫/૦૨/૨૦૨૨

પ્રતિ,

- નાયબ સચિવશ્રી(તમામ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉપ સચિવશ્રી(તમામ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (તમામ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખેતી નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- બાગાયત નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ખાંડ નિયામકશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી., બલરામ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ નિગમ લી., સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી, શ્યામલ રો હાઉસ, સેટેલાઇટ, અમદાવાદ.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય વેર હાઉસિંગ કોર્પોરેશન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય ઘેટાં અને ઊન વિકાસ નિગમ લી., ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કુલ સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
- કુલ સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, ઇરુ ચાર રસ્તા,દાંડી રોડ,નવસારી.
- કુલ સચિવશ્રી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ.
- કુલ સચિવશ્રી,સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, બનાસકાંઠા.
- કુલસચિવશ્રી, ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી, એટીક બિલ્ડીંગ, બોરસદ ચોકડી, આણંદ કેમ્પ, આણંદ.

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
ક્રમાંક ૧૨૮૩
07 MAR 2022

- કુલ સચિવશ્રી, કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સભ્ય સચિવ સહ સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત રાજ્ય સહકારી ટ્રિબ્યુનલ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ.
- મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, સહકાર ખાતું, કૃષિ ભવન, પાલડી, અમદાવાદ.

વિષય : રાજયમાં રાજભાષા ગુજરાતીનો બહોળો ઉપયોગ કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સેક્શન અધિકારીશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તા.૧૮/૦૨/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: ભનક/૧૦૨૦૨૧/મુમક-૦૧/ફ ની નકલ આ સાથે જાણ અને જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ સામેલ છે.

આપની વિશ્વાસુ,

(એમ. કિરણચંદ્ર)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણ : ઉપર મુજબ

કૃષિ, ખેડૂત કલ્યાણ અને
સહકાર વિભાગ
ક્રમાંક.........................
24 FEB 2022
શાખા...........................

રાજ્યમાં રાજભાષા ગુજરાતીનો
બહોળો ઉપયોગ કરવા બાબત

ગુજરાત સરકાર,
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ભનક/૧૦૨૦૨૧/મુમક-૦૧/ફ,
સચિવાલય, ગાંધીનગર.
તાઃ-૧૮ /૦૨/૨૦૨૨

વંચાણે લીધા :-

(૧) સન-૧૯૬૧નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૯.
(૨) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:-વહભ/૧૧૭૭/૩૨૩૧/ધ, તા. ૨૨/૬/૧૯૭૭.
(૩) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:-વહભ/૧૦૭૮-૪૪૫૪-ધ-૧, તા. ૭/૧૧/૧૯૭૮.
(૪) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: સચમ-૧૦૭૮/૪૩૫/ખ.૨, તા. ૨૨/૧/૧૯૭૯.
(૫) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક:- વહભ/૧૦૮૬/૨૯૪/ધ-૧, તા. ૭/૭/૨૦૦૦.
(૬) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક:- વહભ/૧૦૯૩/૯૨૬(૩)-ધ-૧,તા. ૨૨/૬/૨૦૦૦.
(૭) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક:- વહભ/૧૦૯૯/૧૪૧૬/ધ-૧,તા. ૬/૧/૨૦૦૧.

પ્રસ્તાવના:-

ગુજરાત રાજ્યની રચના થયા બાદ, રાજ્ય સરકારે પ્રથમ અધિનિયમ રાજભાષા અંગે પસાર કરીને રાજ્યની રાજભાષા ગુજરાતી અને દેવનાગરી લિપિમાં હિન્દી રાખવાનું જાહેર કરેલ છે. તે મુજબ તબક્કાવાર કાર્યક્રમ નક્કી કરીને ગુજરાતી ભાષાનો ઉપયોગ દિન પ્રતિદિન વધતો રહે તે જોવામાં આવેલ છે. તદનુસાર તારીખ ૧લી મે, ૧૯૬૫થી સચિવાલયના સર્વે વિભાગો તેમજ જિલ્લા, તાલુકા કક્ષાએથી ગુજરાતી ભાષાનો જ ઉપયોગ થાય તેવી સૂચનાઓ આપવામાં આવેલ હતી તથા રાજભાષાના ઉપયોગમાં ઉત્તેજના અને વેગ લાવવા જરૂરી પગલા સૂચવવા શ્રી રામલાલ પરીખ સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિ ધ્વારા “લોકાભિમુખ વહીવટ માટેની વહીવટી સુધારણા સમિતિએ તેમના અહેવાલમાં રાજ્યનો સમગ્ર વહીવટ ગુજરાતી ભાષામાં ચલાવવો” તેવી ભલામણ કરવામાં આવેલ હતી.

રાજ્ય સરકારની ગુજરાતીકરણની નીતિના અનુસંધાને સરકારના તામામ વિભાગો, ખાતાઓ/ બોર્ડ/ નિગમો/ ખાનગી – સરકારી કંપનીઓ/ હોટેલ / સ્કૂલ/ મોલ્સમાં સાર્વજનિક અને જાહેર સ્થળોએ નામ, સૂચના, માહિતી, દિશા-નિર્દેશ લખેલ લખાણોમાં ગુજરાતી ભાષાનો બહોળો ઉપયોગ થાય તે બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

ગુજરાતી ભાષા એ ફક્ત એક ભાષા નથી એક બહોળો ગૌરવશાળી ઇતિહાસ અને સમૃદ્ધ સાહિત્ય ધરાવતી સંસ્કૃતિ છે. ગુજરાતી ભાષાનો ઉપયોગ ગ્રામ્ય વિસ્તારમાં બહોળા પ્રમાણમાં



૨૨૩/મ-૩
25/02/22

થાય છે પરંતુ વધતા જતા શહેરીકરણના કારણે શહેરોમાં પણ ગુજરાતી ભાષાનો બહોળો ઉપયોગ થાય તે માટે પ્રયત્ન કરવામાં આવે તેમ જરૂરી જણાય છે. જેથી, પ્રથમ તબક્કે ગુજરાત રાજ્યની ૮(આઠ) મહાનગરપાલિકાઓ અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જામનગર, જુનાગઢ અને ગાંધીનગર જેવા શહેરોમાં નીચે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

૧. ગુજરાત રાજ્યના સર્વે સરકારી કાર્યાલયો, પરિસરો અને સાર્વજનિક સ્થળોએ જ્યાં જ્યાં નામ, સૂચના, માહિતી, દિશા-નિર્દેશ લખેલા હોય તે સર્વે લખાણોમાં અંગ્રેજી/હિન્દી સાથે ગુજરાતી ભાષાનો ઉપયોગ ફરજિયાત કરવાનો રહેશે.

૨. સરકારી પરિસરોની જેમ જ ખાનગી માલિકીના સાર્વજનિક સ્થળોએ જેમ કે સિનેમાગૃહ, નાટ્યગૃહ, બેન્કવેટ હૉલ, શાળા, કૉલેજ, સુપર માર્કેટ, શૉપિંગ મોલ્સ, હૉસ્પિટલ, વાતાનુકૂલિત વ્યવસ્થા ધરાવતી હૉટેલ/ રેસ્ટોરન્ટ અને કેફે, બૅન્ક, વાંચનાલય, બગીચાઓ, ઇત્યાદિ જગ્યાઓ પર નામ, સૂચના, માહિતી, દિશા-નિર્દેશ લખેલા હોય તે સર્વે લખાણોમાં અંગ્રેજી/હિન્દી સાથે ગુજરાતી ભાષાનો પણ ફરજિયાત ઉપયોગ કરવાનો રહેશે.

ઉપર્યુક્ત મુદ્દા ક્રમાંક (૧) ના અમલીકરણ અંગેની તમામ જવાબદારી જે તે સરકારી કચેરીના ખાતાના વડાની રહેશે. જ્યારે ઉપર્યુક્ત મુદ્દા ક્રમાંક (૨)ના અમલીકરણ અંગે મહાનગરપાલિકા અને શહેરી વિકાસ સત્તા મંડળોની કચેરીઓ, તે હસ્તકના મકાનો કે તેમના દ્વારા સંચાલિત બાગ- બગીચાઓ વિગેરેની કામગીરી સંબંધિત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અને મુખ્ય કારોબારી અધિકારી (CEO) એ કરવાની રહેશે તેમજ ઉપર્યુક્ત મુદ્દા ક્રમાંક (૧) અને (૨)માં સૂચવ્યા મુજબની બાકી રહેતી અમલીકરણની કામગીરી સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રીએ કરવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સમાંનાકી ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૧/૨/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૃતિ નાયક)
સેક્શન અધિકારી
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર ધ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી/ અધિક મુખ્ય સચિવશ્રી/ સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રી/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.

- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર. (પત્ર ધ્વારા)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર. (પત્ર ધ્વારા)
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર. (પત્ર ધ્વારા)
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ. (પત્ર ધ્વારા)
- સચિવશ્રી, ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર. (પત્ર ધ્વારા)
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર. (પત્ર ધ્વારા)
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેક્ટર-૧૦, ગાંધીનગર. (પત્ર ધ્વારા)
- માન. સચિવશ્રીના અંગત સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલય સર્વે વિભાગો – તેમજ નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તા મંડળોને સૂચના પરિપત્રિત કરવાની વિનંતી સહ.
- કલેક્ટરશ્રી અમદાવાદ/ વડોદરા/ રાજકોટ/ સુરત/ ભાવનગર/ જામનગર/ જુનાગઢ/ ગાંધીનગર- નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તા મંડળોને સૂચના પરિપત્રિત કરવાની વિનંતી સહ.
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રી.
- અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ, અમદાવાદ.
- વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ, વડોદરા.
- રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ, રાજકોટ.
- સુરત શહેરી વિકાસ સત્તા મંડળ, સુરત.
- ભાવનગર શહેરી વિકાસ સત્તા મંડળ, ભાવનગર.
- જામનગર શહેરી વિકાસ સત્તા મંડળ, જામનગર.
- જુનાગઢ શહેરી વિકાસ સત્તા મંડળ, જુનાગઢ.
- ગાંધીનગર, શહેરી વિકાસ સત્તા મંડળ, ગાંધીનગર.
- શાખા સીલેક્ટ ફાઇલ /ના.સે.અ. સીલેક્ટ ફાઇલ